# કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરુ ફાઉન્ડેશન (NGO) દાહોદ અંતર્ગત ખેડૂત ભાઈઓ તથા બહેનો દ્વારા મુલાકાત

કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ., ડેરોલ ખાતે સદગુરુ ફાઉન્ડેશન (NGO) દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ૧૧૫ ખેડૂત ભાઈઓ તેમજ બહેનો દ્વારા તા. ૧૭/૦૯/૨૦૧૮ ના રોજ મુલાકાત લેવામાં આવી. આ મુલાકાત દરમ્યાન કેન્દ્ર ખાતે ફરજ બજાવતા પ્રો. સી. બી. ડામોર (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ)) દ્વારા મકાઈની સુધારેલી જાતોની પસંદગી, સંશોધન કેન્દ્ર ખાતે ચાલતા વિવિધ પાકના અખતરા તેમજ વિવિધ પાકોની માહિતી આપી. મોબાઈલ દ્વારા ખેડૂતોને કેવી રીતે ઝડપથી અને ઘર બેઠા માહિતી મળી રહે તેમજ શિયાળુ પાકની નવીન જાતો, બિયારણની જાળવણી કેવી રીતે કરવી તથા કેન્દ્ર ખાતે મગના બિયારણના વેચાણ અંગે માહિતી આપી હતી, ત્યારબાદ ખેડૂતોને સંશોધન કેન્દ્રની મુલાકાત કરાવી હતી. પ્રો. જી. ડી. હડિયા (મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કિટકશાસ્ત્ર)) એ તુવેર, મકાઇ, મગફળી, દિવેલા, મગ અને અડદ માં આવતા રોગ- જીવાતની ઓળખ તથા તેમના સંકલિત વ્યવથાપન વિષે વાત કરી. શ્રી. આર. એલ ચવધરી (ખેતીવાડી અધિકારી) અને શ્રી આર. વી. હજારી (ખેતીવાડી અધિકારી) એ કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવતા મગફળી ,તુવેર અને દિવેલા પાકના અખતરા વિષે માહિતગાર કર્યા.





